**<u>સ્પે.દી.મુ. નં. ૩૬ સને ૨૦૨૪</u>**

**<u>-: આંક ૫ લગત હુકમ :-</u>**

(૧) વાદીઓએ પ્રતિવાદીઓ વિરૂદ્ધ હાલનો દાવો દાખલ કરી દાવાના કામે હાલની કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે સી.પી.સી ના હુકમ ૩૯ નિયમ ૧, ૨ તથા કલમ ૧૫૧ મુજબની અરજી રજુ કરેલ છે. સદર દાવાના કામે વાદીની આંક ૫ ની મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદી નં. ૧ પ્રતિવાદીઓના પુત્ર તથા વાદી નં. ૨, ૩ ના પુત્રીઓ છે. આમ, પ્રતિવાદીના કુલ ત્રણ સીધી લીટીના વારસદારો સંતાનો છે. આ કામના વાદી નં. ૧ થી ૩ ના દાદા ગુજ. ગોગનભાઈ રાણાભાઈ કરમટાની માલીકી અને કબજા ભોગવટાની ખેતીની પીયત જમીન સાગડીવીડી ગામના સર્વે નં. ૧/૨ પૈકી ૨ ની ખેતીની જમીન કુલ હે. આરે. ૧-૬૧-૮૮ ચો.મી. આવેલ હતી, ગુજ. ગોગનભાઈ રાણાભાઈનું તા. ૧૦/૮/૧૯૮૩ ના રોજ અવસાન થયેલ છે. ત્યાર બાદ તેમના પત્ની ગલીબેન ગોગનભાઈનું તા. ૩૦/૩/૨૦૦૪ ના રોજ અવસાન થયેલ છે. ત્યાર બાદ વારસાઈ દરજ્જે ઉત્તરોત્તર આ જમીનના રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી નં. ૧ ના નામે મિલકત પ્રમાણીત કરવામાં આવેલ છે. જેની ચતુ: સીમા નીચે દર્શાવેલ છે.

| | | |
|---|---|---|
| પુર્વે | : | કરસનભાઈ મુંજાભાઈ છેલાણાની જમીન |
| પશ્ચિમે | : | હીરજીભાઈ ત્રિકમભાઈ ભલાણાની જમીન |
| ઉત્તરે | : | અમૃતભાઈ અરજણભાઈ જસાણીની જમીન |
| દક્ષિણે | : | રામભાઈ બાવનભાઈ કરમટાની જમીન |

(૧.૧) તે જ રીતે ગુજરનાર ગોગનભાઈ રાણાભાઈએ જુનાગઢ મુકામે મહાનગર પાલીકાની હદમાં ગાંધીગ્રામ વિસ્તારમાં સર્વે નં. ૧૧૧ વાળો પ્લોટ નં. ૧૬૮ કે જેનુ માપ ૫૦૦ ચો.વાર ના જે તે સમયે ઈમલા સહીત કુલ રૂા. ૬૦૦૦/- માં રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૦૦૮ થી તા. ૨૪/૧૦/૧૯૬૬ ના રોજ ખરીદ કેરલ છે. આ પ્લોટમાં કુલ ૨૦૦ વાર જમીનના રહેણાંક મકાન તથા રોડ સાઈડ ૫ દુકાનો

આશરે ૩૦ વર્ષ પહેલા બનાવેલ છે તથા દુકાનો ઉપર કુલ ૧૦ ઓરડી જેવા રૂમો બનાવેલ છે. પ્લોટ નં. ૧૬૮ ની ચતુ:સીમા નીચે મુજબ દર્શાવેલ છે.

| | | |
|---|---|---|
| પુર્વે | : | જાહેર રસ્તો |
| પશ્ચિમે | : | મેપા કાના કોડીયાતરનું મકાન |
| ઉત્તરે | : | રામા બાવનભાઈનું મકાન |
| દક્ષિણે | : | આમ્રપાલી એપાર્ટમેન્ટવાળુ મકાન |

(૧.૧.૧) ઉપરોકત મિલકત વારસાઈ દરજ્જે પ્રતિવાદી નં. ૧ ના કબજામાં છે અને તેનો ઉપયોગ ઉપભોગ કરે છે અને તેમાંથી દર માસે મોટી રકમની આવક પણ મેળવે છે. આ દાવાવાળી મિલકતમાં વાદીઓનો ત્રીજા ભાગનો હિસ્સો થાય છે. તથા પ્રતિવાદી નં. ૧ તથા ૨ નો સંયુકત ભાગમાં હિસ્સો થાય છે. જેથી આ કામના વાદીઓને ત્રીજા ભાગનો હિસ્સો મળવા પાત્ર થાય છે.

(૧.૨) આ કામના પ્રતિવાદી નં. ૧ એ દાવાવાળી મિલકતો વેચાણ કરવા અંગેની કાર્યવાહી શરૂ કરતા આ કામના વાદીઓએ તા. ૩૦/૧૧/૨૦૨૪ ના રોજ તેઓના હિસ્સા સિવાયની મિલકત વેચાણ કરે તો તેઓને વાંધો નથી, તેવું જણાવતા પ્રતિવાદી નં. ૧ આ કામના વાદી નં. ૧ ઉપર ઉશ્કેરાઈ ગયેલ અને જણાવેલ કે ''આ મિલકતો મારી છે મને ઈચ્છા થાય તે મુજબ વેચી શકુ છું તમારાથી થાય છે કરી લેજો.'' આમ, આ કામના પ્રતિવાદીઓ વાદીઓના હિસ્સાવાળી મિલકત વેચાણ કરી તેમનો કાયદેસરનો હિસ્સો ડુબાડવા માગે છે અને વેચાણની રકમ પણ ઓળવી જવા માગે છે.

(૨) વધુમાં વાદીઓ જણાવે છે કે, દાવાવાળી ખેતીની જમીન જો વેચાણ કરી દે તો તેઓને ખેડુત તરીકેનો દરજ્જો પણ ગુમાવવો પડે તેમ છે. જેથી ભવિષ્યમાં તેઓ ખેતીની જમીન પણ ખરીદ કરી શકે તેમ નથી. આમ, સમગ્ર રીતે જોતા આ કામના વાદીઓનો પ્રથમ દર્શનીય સ્ટ્રોંગ કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ આ કામના વાદીઓના તરફેણમાં છે. જો માગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં ન

આવે તો વાદીઓના હકક હિસ્સા વાળી દાવાવાળી મિલકત પ્રતિવાદી નં. ૧, ૨ ના જમીન વેચાણ કરી નાખે તેમ છે. તેમજ તેઓના વારસાધારાના અને અન્ય કાનુની હકકો ઉપર વિપરીત અસર થાય તેમ છે, પરંતુ જો દરમ્યાન મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ જ નુકશાન કે અગવડતા નથી. જેથી ન્યાયના વિશાળ હિતમાં દાવો ચાલતા દરમ્યાન વચગાળાનો મનાઈ હુકમ આપવો જરૂરી છે. પ્રતિવાદીઓ જો દાવાવાળી મિલકતનું વેચાણ કે અન્ય રીતે ફેરફાર કરે તો દાવાનો કોઈ હેતુ રહે નહી. દાવો ચાલતા ઘણો સમય પસાર થાય તેમ છે જેથી માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા અરજ છે.

(૩) આ કામના પ્રતિવાદીનાઓને દાવાનો સમન્સ તથા મનાઈ અરજીની નોટીસ ઈસ્યુ કરતાં, પ્રતિવાદી નં. ૧ તરફે વિ.વ.શ્રી. ડી.એમ.સંચાણીયા હાજર થયેલ. તેમજ આ કામના પ્રતિવાદી નં. ૨ તર્ફે વિ.વ.શ્રી બી. કે. સાંધ હાજર થયેલા. ત્યારબાદ પ્રતિવાદી નં. ૨ તરફે આંક ૧૬ થી અને પ્રતિવાદી નં. ૧ તર્ફે આંક ૧૮ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં પ્રતિવાદી નં. ૨ વાદીઓએ કરેલ મનાઈ હુકમની અરજી મંજુર કરવા સમર્થન કરે છે. જયારે પ્રતિવાદી નં. ૧ આ કામના વાદીના દાવા અરજીના તમામ કથનોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, આ કામના વાદીએ હિન્દુ વારસાધારાની કલમ ૮ મુજબ દાખલ કરેલ છે, પરંતુ હિન્દુ વારસાધારા ૧૯૫૬ ની કલમ ૮ મુજબ વાદી ''કાયદેસરના વારસ'' ની વ્યાખ્યામાં આવતા નથી. ''કાયદેસરના વારસ'' શબ્દને વ્યકિતના મૃત્યુ સાથે સંબંધ છે. જીવંત વ્યકિત સાથે કોઈ સંબંધ નથી. આથી વાદીઓનો દાવો ટકવા પાત્ર બનતો નથી. વધુમાં તેઓ વાંધામાં જણાવે છે કે, પ્રતિવાદી નં. ૧ ના પિતાશ્રી વાદીઓના જન્મ પહેલા જ મૃત્યુ પામેલા હતા. જેથી આ કામના વાદીઓનો કાયદા મુજબ દાવાવાળી જમીનમાં કે પ્લોટ વિગેરે કોઈ મિલકતમાં કાયદેસરનો હકક મળતો નથી. જેથી પ્રતિવાદી નં. ૧ તેમની ઈચ્છા મરજી મુજબ ઉપયોગ ઉપભોગ કરવા કાયદેસરના હકકદાર છે. વધુમાં તેઓ અરજીના વાંધામાં જણાવે છે કે, આ જમીન સાગડીવીડી , જુનાગઢ ખાતે આવેલ એકર ૧૬–૦૦ આ કામના પ્રતિવાદી નં. ૧ ના પિતાશ્રી ગોગનભાઈ કરમટા તથા સગીર રામા બાવનભાઈ, પરમીબેન વિગેરેના નામે સંયુકત

ચઢેલી. ત્યાર બાદ પ્રતિવાદી નં. ૧ ના પિતાશ્રી ના મૃત્યુ બાદ માતુશ્રી ગલીબેન તથા તેમના બહેન રૂપીબેનના નામે ચઢેલી. આમ, પ્રતિવાદી નં. ૧ નું નામ રેકર્ડ માં ચઢવું જોઈએ, કારણ કે, તેઓ ગોગનભાઈના દિકરા હોય તેમના વારસ જ ગણાય, પરંતુ તેઓ નાના હોય કોણે રેવન્યે રેકર્ડમાં તેમના પિતાશ્રીના મૃત્યુ બાદ તેમના વારસોના નામો ચઢાવવા અરજી કરેલી, તેની જાણ આ કામના પ્રતિવાદીને નથી. બાદમાં તેમના માતુશ્રીનું અવસાન થતા જમીન તેમના વારસો તરીકે તેમની બહેન અને પ્રતિવાદી નં. ૧ ના નામે ચઢેલી, પરંતુ તેઓએ તેમના વારસ દરજ્જે હકક જતો કરેલ, જેથી આ જમીનના માલીક સંપૂર્ણપણે પ્રતિવાદી નં. ૧ જ ગણાય. આમ, આ કામના વાદીઓ કાયદેસરના વારસની વ્યાખ્યામાં આવતા ન હોય તેઓને દાવાવાળી જમીનમાં કોઈ પણ પ્રકારના હકક–હિસ્સા ન હોવા છતાં વાદીઓ કોર્ટ પ્રોસેસનો ગેરલાભ લે છે. જેથી વાદીઓની વચગાળાનો મનાઈ હુકમ અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૪) વધુમાં આ કામના પ્રતિવાદી નં. ૧ તરફે આંક ૨૫ થી મનાઈ અરજીની લેખિત દલીલો રજુ રાખેલ છે. જે વંચાણે લીધી. તેમજ આ કામના વાદીએ તેમની મૌખિક દલીલો કરેલ છે, જે દલીલો ધ્યાને લીધી.

(૫) વાદી તર્ફે આંક ૪ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. જે પુરાવાઓ વંચાણે લીધા. આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ આંક ૨૦ થી દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે. જે વંચાણે લીધા. આ કામના વાદીએ પ્રતિવાદી નં. ૧ ના વાંધા જવાબ લગત કોઈ ઉલટ સોંગદનામું કરેલ નથી. આમ, હાલની અરજી તથા વાંધા જવાબને ધ્યાને લઈને હાલની અરજીના નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

## // મુદ્દા //

મુદ્દા નં.૧ શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

મુદ્દા નં.૨ શું બેલેન્સ ઓફ કન્વીન્યન્સ વાદીના લાભમાં છે ?

મુદ્દા નં.૩ શું વાદીને દરમ્યાન મનાઈ હુકમ ન આપવામાં આવે તો,

નાણાંથી ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

મુદ્દા નં.૪ શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં મારા નિર્ણયનાં કારણો નીચે મુજબ છે.

**// નિર્ણયો //**

મુદ્દા નં.૧ હકારમાં

મુદ્દા નં.૨ હકારમાં

મુદ્દા નં.૩ હકારમાં

મુદ્દા નં.૪ આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

(૭) **મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા ::–**

(૭.૧) ઉપરોકત ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોવાથી હકીકતોની તથા કાયદાની ચર્ચાઓનું પુનરાવર્તન ન થાય તેવા ઉમદા આશયથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૭.૨) આ કામના વાદી દ્વારા હાલનો દાવો વારસાઈ મિલકતથી હિસ્સો થતો હોય, તે મેળવવા પાર્ટીશન કરાવવા માટે કરેલ છે. આ કામના વાદી નં. ૧ થી ૩ ના દાદા શ્રી ગોગનભાઈ રાણાભાઈ કરમટાની દાવાવાળી મિલકત ચાલી આવેલ હતી. ગોગનભાઈ રાણાભાઈ કરમટા તા. ૧૦/૮/૧૯૮૩ ના રોજ ગુજરી ગયેલ છે. તેમજ તેમના પત્ની ગલીબેન ગોગનભાઈનું તા. ૩૦/૩/૨૦૦૪ ના રોજ અવસાન થયેલ છે. ત્યાર બાદ વારસાઈ દરજ્જે રેવન્યુ રેકર્ડમાં દાવાવાળી મિલકત પ્રતિવાદી નં. ૧ ના નામે પ્રમાણીત કરવામાં આવેલ છે. આ કામના વાદી નં. ૧ થી ૩ ના ઓનો દાવાવાળી મિલકતમાં તેઓના જન્મથી કોપાર્સનર હોય, તેઓનો દાવાવાળી મિલકતમાં તેઓના જન્મથીજ હકક, હિસ્સો, હિત ઉપ્તન્ન થયેલ છે. જે હકક, હિત, હિસ્સો આ કામના પ્રતિવાદી નં. ૧ ના તેમને આપવા માગતા નથી, જેથી આ કામના વાદીએ હાલનો દાવો કરવાની ફરજ પડેલ હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓ તેમની દાવા અરજીની વિગતે જણાવે છે કે, આ કામના

પ્રતિવાદી નં. ૧ ના ઓ દાવાવાવળી મિલકતનું વેચાણ કરવા પ્રયત્ન કરી રહયા છે. જો મિલકતનું વેચાણ કરી દેવામાં આવે તો તેનાથી આ કામના વાદીઓનો હકક, હિત, હિસ્સાને નુકશાન થાય તેમ છે. જો મિલકતનું વેચાણ કરી દેવામાં આવે તો તેનાથી વાદીના દિવાની હક્કો ઉપર તરાપ પડે તેમ છે. આ કામના પ્રતિવાદી દ્વારા એવી તકરાર લીધેલ છે કે, ગોગનભાઈ કરમટા ગુજરી ગયા ત્યારે આ કામના વાદીઓનો જન્મ થયો ન હોવાથી આ કામના વાદીઓ કોપાર્સનર બનતા નથી. આમ, જયારે વાદી કોપાર્સનર બનેલ ન હોય, ત્યારે દાવાવાળી મિલકતમાં તેઓનો કોઈ હકક, હિત, હિસ્સો થતો નથી જેથી તેઓ તેવા હક, હિત અને હિસ્સો મેળવવા હકદાર બનતા નથી. તેમજ ગુજરનાર ગોગનભાઈ રાણાભાઈના મૃત્યુ સમયે પ્રતિવાદી નં. ૧ ના એકલા જ જો કોપાર્સનર હતા. તેમજ તેઓ એકલા જ કોપાર્સનર તરીકે ગોગનભાઈના વારસ હોય, ત્યારે તેવા સંજોગોમાં આ કામના વાદીઓનો હકક,હિત અને હિસ્સો થતો નથી. આમ, પ્રતિવાદી નં. ૧ ની કાર્યવાહી મુજબ વાદીનો હકક,હિસ્સો, હીત થતો નથી.

(૮) આ કામના વાદી દ્વારા 2013 (2) GLH 613 ના ચુકાદા પર આધાર રાખેલ છે. જેમાં કોપાર્સનરી પ્રોપટી કોને કહી શકાય, તેની વિગતવાર વ્યાખ્યા આપેલ છે. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપીત કરેલ છે કે, કોપાર્સનરી મિલકતમાં પુત્રનો જન્મ થાય તે પહેલા જો દાદાની મિલકતનું વેચાણ થઈ ગયેલ હોય તો તેવા કિસ્સામાં તે મિલકત મજીયારી રહેતી નથી, પણ જો પુત્રના જન્મ પછી પિતાને દાદાની મિલકતનો હકક, હિત અને હિસ્સો મળતો હોય તો તેવા સંજોગોમાં પુત્ર કોપાર્સનર બને છે. સબબ તેવા કિસ્સામાં પુત્ર કોપાર્સનરી મિલકતમાં તેઓનો હિસ્સો મેળવવા હકકદાર બને છે. ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત સાથે અત્રેની અદાલત માનસહ રીતે સહમત છે. તે જ રીતે આ કામના વાદીઓએ 2022 (2) CCC-170 (MAD) નો ચુકાદો રજુ કરેલ છે. જે ચુકાદામાં જયારે પુત્ર કે પુત્રીનો જન્મ થાય ત્યારથી તેઓ દાદાની મિલકતમાં કોપાર્સનર તરીકે તેમનો હકક,

હિત અને હિસ્સો મેળવવા હકકદાર બને છે. ઉપરોકત બંને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત સાથે અત્રેની અદાલત માનસહ રીતે સહમત છે. વધુમાં આ કામના પ્રતિવાદી દ્ધારા જે તકરાર લીધેલ છે, તે તકરાર ધ્યાને લેવામાં આવે તો ગુજ. ગોગનભાઈ રાણાભાઈ કરમટાના મરણ સમયે વાદીઓનો જન્મ થયેલ હતો કે કેમ? જો વાદીઓનો જન્મ થયેલ ન હોય તો તેવા સંજોગોમાં વાદીઓ કોપાર્સનર બને નહી, પરંતુ જો ગોગનભાઈ કરમટાનું મૃત્યુ થયુ તે વખતે જો ગુજરનાર ગોગનભાઈ કરમટાના મૃત્યુ સમયે વાદીઓનો જન્મ થઈ ગયેલ હોય તો તેવા સંજોગોમાં ગોગનભાઈ કરમટાની મિલકતના તેઓ કોપાર્સનર બને છે. સબબ જો આ કામના વાદી કોપાર્સનર બને તો તેઓનો દાવાવાળી મિલકતમાં હકક, હિત, હિસ્સો થાય છે અને તેઓ દાવાવાળી મિલકતમાંથી તેઓનો હક, હિત અને હિસ્સો મેળવવા હકકદાર બને છે.

(૮.૧) આ કામના વાદી દ્ધારા ગોગનભાઈ રાણાભાઈ કરમટાના મૃત્યુ વખતે વાદીઓનો જન્મ થયો હતો કે ન થયો હતો? તેવું દર્શાવતો કોઈ પણ પુરાવો આ કામે વાદીએ કે પ્રતિવાદીએ રજુ કરેલ નથી. વધુમાં આ કામના પ્રતિવાદી જો દાવાવાળી મિલકતનું વેચાણ કરે અને જો ઉપરોકત કરેલ ચર્ચા અન્વયે જો આ કામના વાદીઓનો જન્મ ગુજરનાર ગોગનભાઈ કરમટાના મૃત્યુ સમયે  થયેલ હોય તો આ કામના વાદી કોપાર્સનર બને છે, તેવા સંજોગોમાં વાદીઓનો દાવાવાળી મિલકતમાં કોપાર્સનર તરીકે હક, હિત અને હિસ્સો થાય છે. જો આ કામના પ્રતિવાદી નં. ૧ ના ઓ દાવાવાળી મિલકતનું વેચાણ કરે અને વાદી દાવાના અંતે કોપાર્સનર હોવાનું પ્રસ્થાપિત થાય તો વાદીઓનો દાવાવાળી મિલકત ઉપર જો કોઈ હકક, હિત અને હિસ્સો થતો હોત તો તે ગુમાવવાનો વારો આવે તેમ છે. તેમજ વાદીઓનો ગોગનભાઈ રાણાભાઈ કરમટાના મૃત્યુ સમયે જન્મ થયેલ હતો કે કેમ ? તે પુરવાર કરવાની તક આ કામના વાદીને મળવી જોઈએ તેમ અત્રેની અદાલતનું માનવુ છે. જો આ કામના વાદીને ગુજરનાર ગોગનભાઈના મૃત્યુ સમયે વાદીઓનો જન્મ થયેલ હતો તેવી હકીકત

પુરવાર કરવાની તક ન મળે તો તેનાથી આ વાદીઓને અન્યાય થવાની સંભાવના રહેલ છે. તેમજ જો આ કામના વાદીના લાભમાં દરમ્યાન મનાઈ હુકમ આપવામાં આવે તો તેનાથી આ કામના પ્રતિવાદીને કોઈ જ રીતે અન્યાય થવાની સંભાવના રહેલ નથી. આમ, આ કામના વાદી તેમનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનું અત્રેની અદાલતનુ માનવુ છે.

(૯) વધુમાં જો દાવાવાળી મિલકતનું વેચાણ આ કામના પ્રતિવાદી દ્વારા કરી દેવામાં આવે તો તેવા સંજોગોમાં વાદીઓનો દાવાવાળી મિલકતમાં જો કોઈ હકક, હિત, હિસ્સો થતો હોય તો તે હકક, હિત, હિસ્સો ગુમાવી દે છે. જયારે આ કામના પ્રતિવાદીને મિલકતનું વેચાણ કરતા અટકાવવામાં આવે તો તેનાથી પ્રતિવાદી નં. ૧ ને કોઈ પણ પ્રકારનો અન્યાય કે પ્રેજયુડીશ થાય તેમ નથી. ઉલટ જો દરમ્યાન મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેનાથી વાદીઓને તેનો હકક, હિત અને હિસ્સા સબબ દિવાની અધિકાર ગુમાવવાનો વારો આવે તેમ છે. આમ, વાદીઓની તરફેણમાં સમન્યાયની તુલા/ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ હોવાનું અત્રેની અદાલતનું માનવુ છે. જો પ્રતિવાદી દાવાવાળી મિલકતનું વેચાણ કરી દે તો તેનાથી વાદીઓને પોતાના દાદાની મિલકતનો કોપાર્સનરી હકક, વર્ચસ્વ ગુમાવી દે છે. આમ, તેઓ તેમની પૈત્રુક મિલકતનો હકક, હિત અને હિસ્સો ગુમાવી દેતા હોવાના કારણે નાણાંકીય ભરપાઈ ન થઈ શકે, તેવું નુકશાન સહન કરવાનો વારો આવે તેમ છે. આમ, ઈરરીપેરેબલ લોઝ આ કામના વાદીએ જ સહન કરવાનો વારો આવે તેમ છે. સબબ મુદ્દા નં. ૨ તથા ૩ પણ પુરવાર કરવામાં આ કામના વાદી સફળ રહેલા હોવાનું અત્રેની અદાલતનું નમ્ર પણે માનવુ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતા આ કામના વાદીઓ તેનો પ્રથમદર્શનીય કેસ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું ગંભીર નુકશાન થતું હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલ છે. સબબ મુદ્દા નં. ૧ થી ૩ નો ઉતર હકારમાં આપી મુદ્દા નં. ૪ લગત આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

(૧) વાદીની હાલની દરમ્યાન મનાઈ અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) દાવાવાળી મિલકતો જેમાં ખેતીની જમીન સાગડીવીડી ગામના સર્વે નં. ૧/૨/પૈકી ૨ ખેતીની જમીન કુલ હે. આરે. ૧–૬૧–૮૮ ચો.મી. વાળી જમીન, જેની ચતુ:સીમા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| પુર્વે | : | કરસનભાઈ મુંજાભાઈ છેલાણાની જમીન |
| પશ્ચિમે | : | હીરજીભાઈ ત્રિકમભાઈ ભલાણાની જમીન |
| ઉત્તરે | : | અમૃતભાઈ અરજણભાઈ જસાણીની જમીન |
| દક્ષિણે | : | રામભાઈ બાવનભાઈ કરમટાની જમીન |

આમ, ઉપરોકત મિલકત તથા જુનાગઢ મુકામે મહાનગર પાલીકાની હદમાં ગાંધીગ્રામ વિસ્તારમાં સર્વે નં. ૧૧૧ વાળો પ્લોટ નં. ૧૬૮ કે જેનુ માપ ૫૦૦ ચો.વાર ના પ્લોટમાં કુલ ૨૦૦ વાર જમીનના રહેણાંક મકાન તથા રોડ સાઈડ ૫ દુકાનો આશરે ૩૦ વર્ષ પહેલા બનાવેલ છે, તથા દુકાનો ઉપર કુલ ૧૦ ઓરડી જેવા રૂમો બનાવેલ છે, જે પ્લોટ નં. ૧૬૮ ની ચતુ:સીમા નીચે મુજબ દર્શાવેલ છે.

| | | |
|---|---|---|
| પુર્વે | : | જાહેર રસ્તો |
| પશ્ચિમે | : | મેપા કાના કોડીયાતરનું મકાન |
| ઉત્તરે | : | રામા બાવનભાઈનું મકાન |
| દક્ષિણે | : | આમ્રપાલી એપાર્ટમેન્ટવાળુ મકાન |

વાળી મિલકતોનો દાવાનો આખરી નિર્ણય થતા સુધી પ્રતિવાદીઓ, તેમના માણસો, એજન્ટો, મુખત્યારો વેચાણ કરે કરાવે નહી, મિલકતનો

કબજો અન્ય કોઈને સોંપે સોંપાવે નહી, તેવો દરમ્યાન મનાઈ હુકમ આ કામના વાદીઓના લાભમાં અને પ્રતિવાદીઓની વિરૂદ્ધમાં ફરમાવવામાં આવે છે.

(૩) ખર્ચ આખરી પરીણામને અનુસરતો હોય ખર્ચ લગત કોઈ હુકમ ફરમાવવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૨૮ મી માહે જુલાઈ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૨૮–૦૭–૨૦૨૫

જુનાગઢ.

DIPESHKUMAR MADHUSUDAN CHAMPANERIYA

Digitally signed by DIPESHKUMAR MADHUSUDAN CHAMPANERIYA
Date: 2025.07.28 12:37:33 +0530

(દિપેશકુમાર મધુસુદન ચાંપાનેરીયા)
ત્રીજા અધિક સીની. સીવીલ જડજ
અને એડી. ચીફ જયુ. મેજી., જુનાગઢ.
કોડ નં–જીજે ૦૧૧૭૭